Letter No: HEC/1342/11/2025 Approved Date: 12-11-2025

ક્રમાંક:નર્સીંગ/સ્પેશ્યાલીટી/કોર્ષ/મંજુરી/બ-૨/૨૦૨૫

કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, (તબીબી વિભાગ)

૫/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.

ફોન નં. ૦૭૯-૨૩૨-૫૭૫૯૦

Email-nursingbranch.ms@gmail.com

તા.    /૧૧/૨૦૨૫

વિષય:- નર્સીંગના સ્પેશ્યાલીટી કોર્ષ ચાલુ કરવા મંજુરી આપવા બાબત.

ઉપરોક્ત વિષયે સવિનય જણાવવાનું કે, ઇન્ડીયન નર્સીંગ કાઉન્સીલ દ્વારા માન્યતા પ્રાપ્ત પોસ્ટ બેઝીક સ્પેશ્યાલીટી નર્સીંગ કોર્ષ ચાલુ કરવા અંગેની ગાઇડલાઇન તૈયાર કરવામાં આવેલ છે. જે ગાઇડલાઇન મુજબ રાજ્યમાં આવેલ સરકારી / GMERS / AMC / SMC મેડીકલ કોલેજો સલગ્ન સરકારી નર્સીંગ સ્કુલ/કોલેજો ખાતે સરકારશ્રી દ્વારા નર્સીંગના નીચે મુજબના પોસ્ટ બેઝીક ડીપ્લોમા કોર્ષ કાર્યરત કરવા અંગેની મંજુરી સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ છે.

| No. | Name Of Course |
|---|---|
| 1. | Post Basic Diploma in Critical Care Nursing |
| 2. | Post Basic Diploma in Emergency & Disaster Nursing |
| 3. | Post Basic Diploma in Neonatal Nursing |
| 4. | Post Basic Diploma in Ortho & Rehabilitation Nursing |
| 5. | Post Basic Diploma in Burns & Reconstructive Nursing |
| 6. | Post Basic Diploma in Cardiology Nursing |
| 7. | Post Basic Diploma in Oncology Nursing |
| 8. | Post Basic Diploma in Psychiatric Nursing |

સદર કોર્ષમાં એડમિશન પ્રક્રિયા સબંધિત કોલેજના પ્રિન્સીપાલશ્રી(નર્સીંગ કોલેજો ખાતે) અને ડીનશ્રી (મેડીકલ કોલેજો ખાતે) દ્વારા કરવાની થાય છે. જે અંગેના એડમીશન નિયમો સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ છે. (નકલ સામેલ છે.)

સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ એડમીશન નિયમો મુજબ પ્રક્રિયા કરવા અને સમયમર્યાદામાં એડમીશનની કાર્યવાહી પુર્ણ કરવા જણાવવામાં આવે છે.

**(E-Sign/-)**

અધિક નિયામક

તબીબી સેવાઓ, ગાંધીનગર

પ્રતિ,

- ડીનશ્રી, GMERS મેડીકલ કોલેજ, સબંધિત.
- પ્રિન્સીપાલશ્રી, સરકારી નર્સીંગ કોલેજ, તમામ.

<u>નકલ રવાના:-</u>

File No: HEC/ADM/e-file/145/2025/11694/MS-section - B
Approved By: Additional Director,Health AD MS,HEC
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*



Scanned with CamScanner

- અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ, બ્લોક નં.૪, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસરશ્રી, GMERS મેડીકલ કોલેજ, ગાંધીનગર
- તબીબી અધિક્ષકશ્રી, મેડીકલ કોલેજ / GMERS મેડીકલ કોલેજ, તમામ
- મુખ્ય જીલ્લા તબીબી અધિકારી સહ સીવીલ સર્જનશ્રી, જનરલ હોસ્પિટલ, તમામ.
- અધિક્ષકશ્રી, સરકારી / જનરલ હોસ્પિટલ, તમામ



Scanned with CamScanner

રાજ્યમાં એક વર્ષના પોસ્ટ
બેઝીક ડીપ્લોમા નર્સીંગ કોર્ષ
શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક: HFWD/ESS/e-file/7/2025/4732/E
તા. ઇ-સાઇન મુજબ

વંચાણે લીધા:-

(૧) આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગનો તા.૦૭/૧૦/૨૦૨૫નો પત્ર ક્રમાંક: HFWD/ESS/e-file/7/2025/4732/E.
(૨) અધિક નિયામકશ્રી(તબીબી સેવાઓ), ગાંધીનગરનો તા.૦૮/૧૦/૨૦૨૫નો પત્ર ક્રમાંક: નર્સીંગ/સ્પેશ્યાલીટી/કોર્ષ/મંજુરી/બ-૨/૨૦૨૫.

પ્રસ્તાવના:-

રાજ્ય સરકાર અને GMERS દ્વારા સંચાલિત હોસ્પિટલો ખાતે સ્ટાફનર્સ વર્ગ-૩ની સેવાઓ રાજ્યના નાગરિકોને પુરી પાડવાની આરોગ્ય વિષયક સેવાઓ માટેના માળખામાં એક અત્યંત જરૂરી અને અવિભાજ્ય અંગ છે. રાજ્યના નાગરિકોને પુરી પાડવામાં આવતી આરોગ્ય વિષયક સેવાઓમાં તબીબી સેવાના જેટલી જ નર્સીંગ સેવા આવશ્યક અને ઉપયોગી છે. રાજ્યમાં આવેલ સરકારી હોસ્પિટલો ખાતે ખાસ કાળજીપૂર્વકની નર્સીંગ સેવાઓ પુરી પાડવાની આવશ્યકતા રહેતી હોય તેવા કાર્યરત જુદા જુદા વિભાગો(SNCU, ICU, Emergency, NICU, Burns, Cardiac, Oncology)માં તાલીમબધ્ધ સ્ટાફનર્સ ઉપલબ્ધ થઇ શકે અને તે માટેની પુરતી તાલીમ આપી શકાય તેવા ઉમદા હેતુસર વંચાણે લીધેલ ક્રમ-(૧) થી રાજ્યમાં નર્સીંગ વિદ્યાશાખામાં નીચે મુજબના એક વર્ષના પોસ્ટ બેઝીક ડીપ્લોમા કોર્ષ ચાલુ કરવા સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે.

| No. | Name Of Course |
|---|---|
| 1. | Post Basic Diploma in Critical Care Nursing |
| 2. | Post Basic Diploma in Emergency & Disaster Nursing |
| 3. | Post Basic Diploma in Neonatal Nursing |
| 4. | Post Basic Diploma in Ortho & Rehabilitation Nursing |
| 5. | Post Basic Diploma in Burns & Reconstructive Nursing |
| 6. | Post Basic Diploma in Cardiology Nursing |
| 7. | Post Basic Diploma in Oncology Nursing |
| 8. | Post Basic Diploma in Psychiatric Nursing |

ઉક્ત કોર્ષ માટેના અભ્યાસક્રમની ઇન્ડીયન નર્સીંગ કાઉન્સીલ દ્વારા નિયત કરવામાં આવેલ ગાઇડલાઇન મુજબ સદર કોર્ષ એક વર્ષની રેસીડેન્સીયલ ટ્રેનીંગ તરીકે ગણવામાં આવશે. સદર કોર્ષમાં રાજ્યમાં જુદી જુદી સરકારી નર્સીંગ કોલેજો / GMERS મેડીકલ કોલેજો દ્વારા કોર્ષની સીટો માટેની મંજુરી અર્થે ગુજરાત નર્સીંગ કાઉન્સીલની મંજુરી મેળવી લેવાની રહે છે, જે મંજૂરી મળ્યા બાદ ફાળવવામાં આવેલ સીટો પર એડમિશન પ્રક્રિયા હાથ ધરવા માટેની કાર્યરીતિ નિયત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.



Scanned with CamScanner

ઠરાવ:-

પ્રસ્તુત બાબતે કાળજીપુર્વકની વિચારણાના અંતે ઇન્ડીયન નર્સીંગ કાઉન્સીલ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ ગાઇડલાઇન અને ગુજરાત નર્સીંગ કાઉન્સિલ દ્વારા મંજૂરી મળ્યેથી નીચે મુજબની શરતો તેમજ ધારા ધોરણો મુજબ રાજ્યની જુદી જુદી સરકારી નર્સીંગ કોલેજ / GMERS મેડીકલ કોલેજો ખાતે નર્સીંગના એક વર્ષના પોસ્ટ બેઝીક ડીપ્લોમા કોર્ષમાં એડમિશન પ્રક્રિયા હાથ ધરવાની મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

1. ગુજરાત નર્સીંગ કાઉન્સીલ દ્વારા જે કોર્ષ માટે જેટલી સીટોની માન્યતા આપવામાં આવેલ હોય તેટલી સીટો પુરતા જ એડમીશન કરવાના રહેશે.
2. એડમિશન માટેની લાયકાતના ધોરણો:-
   - A. ભારતનો નાગરીક હોવો જોઇએ.
   - B. ડીપ્લોમા ઇન જનરલ નર્સીંગ & મીડવાઇફરી અથવા બેઝીક બી.એસ.સી.(નર્સીંગ) પાસ કરેલ હોવું જોઇએ અને ગુજરાત નર્સીંગ કાઉન્સીલ સાથે રજીસ્ટર્ડ નર્સ રજીસ્ટર્ડ મીડવાઇફરીનું રજીસ્ટ્રેશન કરાવેલ હોવું જોઇએ.
   - C. ઉમેદવારની ઉંમર ૩૫ વર્ષ કરતાં વધુ ન હોવી જોઇએ.
3. એડમીશન માટેની અનામત સીટો:-
   - A. ગુજરાત નર્સીંગ કાઉન્સીલ દ્વારા જે તે કોર્ષ માટે આપવામાં આવેલ મંજૂરી પૈકીની ૫૦% સીટો રાજ્ય સરકારના (In Service) સ્ટાફનર્સ માટે અનામત રહેશે.
   - B. દરેક સંસ્થા ખાતે કુલ ઉપલબ્ધ સીટમાં નીચે મુજબ અનામતની જોગવાઇ લાગુ પડશે.
     - અનુસુચિત જાતિ (SC) – ૭%
     - અનુસુચિત જન જાતિ (ST) – ૧૫%
     - સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) – ૨૭%
     - આર્થિક રીતે નબળા વર્ગ (EWS) – ૧૦%

     **નોંધ:- અન્ય રાજ્યના વતની હોય તેવા ઉમેદવારને અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.**
   - C. અનામત જગ્યા સામે પ્રવેશ મેળવવા ઉચ્છુક ઉમેદવારે અનામત કેટેગરીમાં આવતાં હોવાનું સક્ષમસત્તાધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ જાતિનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સા.શૈ.પ.વ. કેટેગરીના ઉમેદવારે ઉન્નત વર્ગમાં આવતાં ન હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ નોન ક્રિમીલીયર પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
   - D. સક્ષમ સત્તાધિકારી દ્વારા રાજ્ય સરકાર હસ્તકની સંસ્થાઓમાં પ્રવેશ પ્રક્રિયા માટે માન્ય નમૂના મુજબનું જાતિ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જે કિસ્સામાં જાતિ પ્રમાણપત્ર પર QR Code આપેલ છે અને QR Code આધારિત ખાતરી થઇ શકે તે હોય તેવા કિસ્સામાં રજૂ કરેલ સ્વ-પ્રમાણિત નકલ સ્વીકારવામાં આવશે. QR Code ન હોય તેવા કિસ્સામાં મૂળ સહી વાળું પ્રમાણપત્ર ફરજિયાત રજૂ કરવાનું રહેશે.
   - E. ઉમેદવાર દ્વારા નર્સીંગ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશનનું અને અનામત ઉમેદવારના કિસ્સામાં અનામત અંગેનું અથવા ક્રિમિલેઅર અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવે તે એડમિશન માટે ફોર્મ સ્વિકારવાની છેલ્લી તારીખે માન્ય હોય તે ફરજીયાત રહેશે.
   - F. અગર કોઇ ઉમેદવાર પ્રવેશ ફોર્મ રજૂ કરવાની આખરી તારીખની સ્થિતિએ જાતિનું પ્રમાણપત્ર અથવા યોગ્ય તે કિસ્સામાં ક્રિમીલેઅરમાં આવતા ન હોવાનું પ્રમાણપત્ર રજૂ ન કરી શકે તો તે ઉમેદવારને બિનઅનામત ઉમેદવાર તરીકે મુલવણી કરવામાં આવશે.
   - G. દિવ્યાંગ ઉમેદવારોના કિસ્સામાં GNM/B.Sc. Nursing ના પ્રવેશમાં જે ધારાધોરણો રાખવામાં આવે છે તે જ



Scanned with CamScanner

ધારાધોરણો લાગુ પડશે. જેથી તેના માટે અલગથી ધારાધોરણો રાખવાના રહેશે નહીં.

H. In Service ઉમેદવારો માટે ૫૦% સીટો અનામત રાખવાની જોગવાઇ કરવામાં આવી છે. તેમ છતાં તે જગ્યા સામે પણ અનામતના ધોરણનું પાલન કરવાનું રહેશે. In Service ની અનામત સામે લાયકાત ધરાવતાં યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ ન હોય તો તે ખાલી રહેલ સીટો અન્ય ઉમેદવારોથી ભરી શકાશે.

I. દિવ્યાંગતાની GNM / B.Sc. Nursing ની લાયકાત પૂર્ણ કરવાવાળા ઉમેદવારો આ કોર્ષમાં ભરતી પ્રક્રિયા માટે અરજી કરશે તો તેઓને Non-Discriminatory basis પર પ્રવેશ પ્રક્રિયામાં મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

J. તમામ ઉમેદવારોની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પૂરતા પ્રમાણમાં અનામત કેટેટરીના ઉમેદવારો ન મળે તો બાકી રહેતી જગ્યાઓ પર બિન-અનામત ઉમેદવારોને પ્રવેશ આપી શકાશે.

4. <u>એડમિશન કરવા અંગેની પ્રક્રિયા:-</u>

A. રાજ્યમાં આવેલ દરેક રાજ્ય સરકાર હસ્તકની નર્સીંગ કોલેજો / GMERS હસ્તકની મેડીકલ કોલેજ દ્વારા પોતાને ત્યાં સ્વતંત્ર અરજી મંગાવી અને તેમની હોસ્પિટલ ખાતે મંજૂર કરવામાં આવેલ Post Basic Diploma ની સીટના પ્રમાણમાં સ્થાનિક કક્ષાએથી પ્રવેશની પ્રક્રિયા કરવાની રહેશે, જે માટે તેઓએ સ્થાનિક ન્યુઝ પેપરમાં જાહેરાત આપી અને કાર્યક્રમ જાહેર કરીને અરજીઓ મંગાવવાની રહેશે.

B. જે ઉમેદવાર જે કોર્ષમાં જે કોલેજમાં એડમીશન મેળવવા માંગતા હોય તે કોર્ષ માટેની તે કોલેજમાં નિયત નમુના મુજબની અરજી કરવાની રહેશે.

C. ઉમેદવારો પાસેથી મંગાવવાની થતી અરજી આ સાથે સામેલ રાખેલ નમુના મુજબની તમામ દસ્તાવેજો સાથેની મંગાવવાની રહેશે.

D. રાજ્ય સરકાર / GMERS હસ્તકની હોસ્પિટલોમાં સ્ટાફનર્સ તરીકે ફરજો બજાવતાં નિયમિત કર્મચારીઓની અરજીઓ યોગ્ય રાહ મારફતે કર્મચારીની અરજી મળ્યે તુરંત સબંધિત કોલેજને સમયમર્યાદામાં મોકલી આપવાની રહેશે. કર્મચારીઓ તેઓની એડવાન્સ નકલ જે કોલેજમાં એડમિશન મેળવવા માંગતાં હોય તે સબંધિત કોલેજને મોકલી શકશે.

E. રાજ્ય સરકારમાં ફરજ બજાવતાં કર્મચારીઓ જે સંસ્થા ખાતે ફરજ બજાવતાં હોય અને તે જ સંસ્થા ખાતે એડમિશન મેળવવા ઇચ્છતાં હોય તો સદર કોર્ષ માટે "ના વાંધા પ્રમાણપત્ર" મેળવવાની આવશ્યકતા રહેશે નહીં. પરંતુ તેઓની ફરજના સ્થળ સિવાયની અન્ય કોલેજ ખાતે એડમિશન મેળવવા ઇચ્છતાં હોય તો સંસ્થાના વડા / Superintendent નું "ના વાંધા પ્રમાણપત્ર" મેળવી લેવાનું રહેશે, જે એડમિશન માટેના કાઉન્સેલીંગ સમયે રજુ કરવાનું રહેશે.

F. સદર કોર્ષ માટે ઉમેદવારોની મળેલ અરજીઓ અને દસ્તાવેજોની પૂરતી ચકાસણી માટે જે તે સરકારી નર્સિંગ કોલેજનાં પ્રિન્સિપાલ / GMERS મેડીકલ કોલેજના ડીન દ્વારા અરજી તથા દસ્તાવેજોની ચકાસણી અંગેની વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

G. સદર ઉમેદવારની મળેલ અરજીઓની ચકાસણી કરતાં તેઓની અરજીઓમાં ખુટતી વિગતોની પુર્તતા કરવા માટે દિન-૦૨નો સમય આપવાનો રહેશે.

H. સમયમર્યાદા બાદ મળેલ તેમજ ખુટતી વિગતો સાથેની અરજીઓ માન્ય ગણી શકાશે નહીં.

I. જે ઉમેદવાર એડમિશન પ્રક્રિયા સમયે સગર્ભા હશે તેઓ તે શૈક્ષણિક વર્ષ માટે તાલીમ કોર્ષમાં જોડાઇ શકશે નહીં.

J. જે ઉમેદવાર તાલીમ દરમ્યાન ગર્ભધારણ કરે અને તાલીમ પુર્ણ કરી શકે તેમ ન હોય તો તેઓને વધુમાં વધુ ત્રણ વર્ષમાં તાલીમ પુર્ણ કરવાની રહેશે.

5. <u>ઉમેદવારે અરજી સાથે રજુ કરવાના થતાં દસ્તાવેજો:-</u>



Scanned with CamScanner

ઉમેદવાર દ્વારા નીચે મુજબના દસ્તાવેજોની ખરી નકલ / સેલ્ફ એટેસ્ટેડ કરી અરજી સાથે બિડાણમાં સામેલ કરવાના રહેશે. (અસલ પ્રમાણપત્રો બિડાણમાં સામેલ રાખવાના રહેશે નહીં)

(i) લાયકાત પરીક્ષા ધોરણ ૧૨ (HSC) ની માર્કશીટ.

(ii) જન્મ તારીખ ધરાવતું એસ.એસ.સી.નું પ્રમાણપત્ર અથવા માર્કશીટ.

(iii) GNM/ બેઝિક B.Sc. નર્સિંગ/ P.B.B.Sc. નર્સિંગ ફાઇનલ પરીક્ષાની બધી માર્કશીટ અને પ્રમાણપત્ર.

(iv) રજીસ્ટર્ડ નર્સ અને રજીસ્ટર્ડ મીડવાઇફ તરીકેનું ગુજરાત નર્સીંગ કાઉન્સીલનું રજીસ્ટ્રેશન તેમજ સમયાંતરે કરાવેલ રીન્યુઅલની નકલ.

(v) બી.એસસી. નર્સીંગ અથવા પી.બી.બી.એસ.સી. નર્સીંગના કિસ્સામાં યુનિવર્સિટી ડિગ્રી પ્રમાણપત્ર.

(vi) રાજ્ય સેવા હેઠળના કર્મચારી (સેવામાં ઉમેદવારો) આ અભ્યાસક્રમમાં જોડાવા ઇચ્છુક હોય અને તેઓની ફરજના સ્થળ સિવાય અન્ય કોઇ સંસ્થા ખાતે સદર કોર્ષમાં એડમિશન મેળવવા ઇચ્છતાં હોય તેવા કિસ્સામાં સંસ્થાના વડાનું " ના વાંધા પ્રમાણપત્ર" (NOC).

(vii) સક્ષમ સત્તાધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (SEBC) ના ઉમેદવાર માટે જાતિ પ્રમાણપત્ર.

(viii) સક્ષમ સત્તાધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ આર્થિક રીતે નબળા વર્ગ (EWS) પ્રમાણપત્ર.

(ix) SEBC ઉમેદવારો માટે, સક્ષમ સત્તાધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ નોન- ક્રીમી લેયર(NCL) પ્રમાણપત્ર.

6. ઉમેદવારે અરજી સાથે જે દસ્તાવેજો રજુ કરેલ છે તે કાઉન્સેલિંગ સમયે અસલ પ્રમણપત્રોની ચકાસણી માટે સબંધિત કોલેજો ખાતે રજુ કરવાના રહેશે. જે અસલ પ્રમાણપત્રો વહીવટી પ્રક્રિયા પુર્ણ થયા બાદ દિન-૧૫માં ઉમેદવારને પરત કરવાના રહેશે.

7. <u>પસંદગી પ્રક્રિયા અને એડમીશન પધ્ધતિ:-</u>

A. ઉમેદવાર દ્વારા GNM ના કિસ્સામાં ત્રીજા વર્ષના અને B.Sc.(Nsg) ના કિસ્સામાં ચોથા વર્ષના અને GNM પછી પોસ્ટ બેઝીક બી.એસ.સી.(ન.) કરેલ હોય તો P.B.B.Sc.(N) ના છેલ્લા વર્ષના મેળવેલ કુલ ગુણના ટકા મુજબ એક મુખ્ય મેરીટ બનાવવાનું રહેશે.

B. બે ઉમેદવારોના એક સરખા મેરીટ માર્કસ હોય તેવા કિસ્સામાં વધુ અનુભવ ધરાવતાં ઉમેદવારને પ્રાથમિકતા આપવાની રહેશે.

C. બે ઉમેદવારોના એક સમાન ગુણ અને એક જ સરખો અનુભવ ધરાવતાં હોય તો જે ઉમેદવારની ઉંમર વધુ હોય તેને પ્રાથમિકતા આપવાની રહેશે.

8. **સદર કોર્ષમાં જોડાનાર ઉમેદવારો પાસેથી નીચે મુજબની ફી વસુલ કરવાની રહેશે.**

| | |
|---|---|
| એડમીશન ફી (દરેક ઉમેદવારો માટે) | રૂ. ૨૦૦/- |
| ટ્યુશન ફી (અન્ય ઉમેદવારો માટે) | રૂ. ૫,૦૦૦/- |
| હોસ્ટેલ ફી (અન્ય ઉમેદવારો માટે)<br>દરેક તાલીમાર્થીનું હોસ્ટેલ ખાતે રોકાણ ફરજીયાતપણે રહેશે. | રૂ. ૫,૦૦૦/- |

I. રાજ્ય સરકારમાં ફરજ બજાવતાં (In Service) ઉમેદવારોને ટ્યુશન ફી કે હોસ્ટેલ ફી ભરવાની રહેશે નહીં.

II. તમામ ઉમેદવારોએ Mess Fee અલગથી ભરવાની રહેશે.

III. ગુજરાત નર્સીંગ કાઉન્સીલ દ્વારા પરીક્ષા ફી જે નક્કી કરવામાં આવે તે તમામ ઉમેદવારોએ અલગથી ભરવાની રહેશે.



Scanned with CamScanner

IV. નર્સીંગ કોલેજો દ્વારા ઉમેદવારો પાસેથી વસુલ કરવામાં આવતી ફી "૦૨૧૦" ના સદરે અને મેડીકલ કોલેજ દ્વારા વસુલ કરવામાં આવતી ફી MCDS ના સદરે જમા લેવાની રહેશે.

V. કોર્ષ પુર્ણ ન કરી અધુરો કોર્ષ છોડી જનાર ઉમેદવારની ભરેલ ફી પરત કરવામાં આવશે નહીં.

9. સદર કોર્ષમાં એડમિશન કરવા માટે સબંધિત કોલેજો ખાતે નીચે મુજબના અધિકારીશ્રીઓની સમિતિની રચના કરવાની રહેશે. સદરહુ સમિતિ દ્વારા એડમિશન પ્રક્રિયા કરવાની રહેશે.

| | |
|---|---|
| પ્રિન્સીપાલશ્રી / ડીનશ્રી | અધ્યક્ષ |
| લેકચરર વર્ગ-૧/૨ (નર્સીંગ કોલેજો) | સભ્ય સચિવ |
| વહીવટી અધિકારી | સભ્ય |

10. કોઇ કિસ્સામાં એડમિશન પ્રક્રિયામાં ગુંચવણ ઉભી થાય અને પ્રશ્નનું નિરાકરણ સ્થાનિક કક્ષાએ લાવી શકાય તેમ ન હોય તેવા કિસ્સામાં કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણનું સત્વરે લેખિત માર્ગદર્શન મેળવી લેવાનું રહેશે.

11. સદર કોર્ષમાં એડમિશન લેનાર ઉમેદવારને ઇન્ડીયન નર્સીંગ કાઉન્સીલ અને ગુજરાત નર્સીંગ કાઉન્સીલના નિયમોનુસાર રજાઓ મળવાપાત્ર રહેશે.

12. સદર કોર્ષની આખરી પરીક્ષા ગુજરાત નર્સીંગ કાઉન્સીલ દ્વારા ઇન્ડીયન નર્સીંગ કાઉન્સીલના નોર્મ્સ મુજબ લેવાની રહેશે.

13. સદર કોર્ષની અમલવારી ઇન્ડીયન નર્સીંગ કાઉન્સીલ, ગુજરાત નર્સીંગ કાઉન્સીલના ધારા ધોરણો મુજબ કરવાની રહેશે.

14. તાલીમ કોર્ષનો હેતું સઘન કૌશલ્ય અને નિપુણતા કેળવવાનો હોઇ તમામ તાલીમાર્થીઓએ ૨૪×૭ ફરજીયાતપણે સંસ્થા ખાતે હાજર રહેવાનું રહેશે.

15. <u>એડમીશન કાઉન્સેલીંગ અને સીટ ફાળવણી:-</u>

A. ક્રમ-૭ મુજબ મેરીટ યાદી તૈયાર કર્યા બાદ સબંધિત કોલેજના નોટીસ બોર્ડ પર ડીસ્પ્લે કરવાનું રહેશે અને કાઉન્સેલીંગ માટેનો કાર્યક્રમ પ્રસિધ્ધ કરવાનો રહેશે. જે વિગતો સબંધિત સંસ્થાની મેડીકલ કોલેજની વેબસાઇટ પર પણ પ્રસિધ્ધ કરવાની રહેશે.

B. કાઉન્સેલીંગ થયા બાદ લાયક ઉમેદવારોને તુરંત એડમીશન લેટર આપવાનો રહેશે.

C. જે ઉમેદવારોને ફી ભરવાની થાય છે. તેવા ઉમેદવારોએ તુરંત જ ફી ભરવાની રહેશે.

D. કાઉન્સેલીંગ પ્રક્રિયા પુર્ણ થયા બાદ લાયક ઉમેદવાર ફી ભરપાઇ ન કરે તો નિયત સમયમર્યાદા બાદ બાકી રહેતાં લાયક ઉમેદવારોથી સીટો ભરી શકાશે.

16. ઉમેદવાર દ્વારા એડમિશન માટે રજુ કરેલ માહિતી / વિગત / દસ્તાવેજો કોઇ પણ સમયે કોઇ પણ તબક્કે ખોટા ઠરશે તો ઉમેદવાર દ્વારા મેળવેલ એડમિશન તુરંત રદ કરવાને પાત્ર ઠરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-Sign.
(જિગ્નેશ ચૌહાણ )
સેક્શન અધિકારી
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ



Scanned with CamScanner

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા).
- માન. રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય/સ્વતંત્ર હવાલો) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-ર, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય (અર્બન), બ્લોક નં. ૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી (ત.સે.), કમિશનરશ્રી, આરોગ્ય (અર્બન)ની કચેરી, બ્લોક નં. ૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી (જા.આ.), કમિશનરશ્રી, આરોગ્ય (અર્બન)ની કચેરી, બ્લોક નં. ૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી (ત.શિ. અને સંશોધન.), કમિશનરશ્રી, આરોગ્ય (અર્બન)ની કચેરી, બ્લોક નં. ૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- ચીફ એકઝીકયુટીવ ઓફિસરશ્રી, ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, સેકટર-૧૨, ગાંધીનગર.
- ડીનશ્રી, સરકારી મેડીકલ કોલેજ / GMERS મેડીકલ કોલેજ, તમામ (મારફતે અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ)
- તબીબી અધિક્ષકશ્રી, મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ, તમામ (મારફતે અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ)
- મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જનશ્રી, જિલ્લા હોસ્પિટલ, તમામ (મારફતે અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ)
- અધિક્ષકશ્રી, પેટા જિલ્લા હોસ્પિટલ, તમામ (મારફતે અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ)
- પ્રિન્સિપાલશ્રી, સરકારી નર્સિંગ કોલેજ / જી.એન.એન. નર્સિંગ સ્કુલ / એ.એન.એમ. તાલીમ શાળા, તમામ (મારફતે અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ)
- શાખા સિલેકટ ફાઇલ ૨૦૨૫.

Validity unknown
Signed by Jignesh V Chauhan
Section Officer
Date:2025.11.10
15:49:48 +5:30



Scanned with CamScanner

Affix
Passport
Size Photo

**Form Fee:- Rs.200/-**

## Application Form For Post Basic Diploma Course in Nursing

Government / GMERS Medical / Nursing College (Name of College) ____

Applied For:- (Tick **Any One** Course which Applied For)

| | | | |
|---|---|---|---|
| **Post Basic Diploma in Critical Care Nursing** | ☐ | **Post Basic Diploma in Emergency & Disaster Nursing** | ☐ |
| **Post Basic Diploma in Neonatal Nursing** | ☐ | **Post Basic Diploma in Ortho & Rehabilitation Nursing** | ☐ |
| **Post Basic Diploma in Burns & Reconstructive Nursing** | ☐ | **Post Basic Diploma in Cardiology Nursing** | ☐ |
| **Post Basic Diploma in Oncology Nursing** | ☐ | **Post Basic Diploma in Psychiatric Nursing** | ☐ |

| | |
|---|---|
| **Name of the Candidate :**<br>**(in block letters) :** | |
| **Father's name:-** | |
| **Date of Birth :**<br>**(as per SSC Certificate)** | |
| **Category:- (General/SEBC/ST/SC/EWS)** | |
| **Gender:-** | |
| **Marital status :-** | |
| **Qualifications:-** | |
| **Name of School / College:-** | |
| **RN & RM number :-** | |
| **Name of the Nursing Council:-** | |

Scanned with CamScanner

| | |
|---|---|
| **Passing Year:-** | |
| **Percentage Of Marks:-**<br>**(GNM 3rd Year / B.Sc.(N.) 4th Year / P.B.B.Sc.(N) 2nd Year** | |
| **Total Year Of Clinical Experience:-** | |
| **Permanent Address :-** | |
| **Phone :-** | |
| **E mail:-** | |
| **Local Guardian Address (if any):-** | |
| **Currently Working In State Government / GMERS:- (Yes / No)** | |
| **If Yes, Name of Post:-** | |
| **If Yes, Current Place of Working:-** | |
| **For Office Use Only:-** | |
| **Name of Candidate:-** | |
| **Category:-** | |
| **In Service? (Yes/No)** | |
| **Merit Marks:-** | |

Signature of Candidate

---

Scanned with CamScanner

બિડાણ:- (રજૂ કરવાના થતાં પ્રમાણપત્રો)

(i) લાયકાત પરીક્ષા ધોરણ ૧૨ (HSC) ની માર્કશીટ;

(ii) જન્મ તારીખ ધરાવતું એસ.એસ.સી.નું પ્રમાણપત્ર અથવા માર્કશીટ

(iii) GNM/ બેઝિક B.Sc. નર્સિંગ/ P.B.B.Sc. નર્સિંગ ફાઇનલ પરીક્ષાની બધી માર્કશીટ અને પ્રમાણપત્ર.

(iv) રજીસ્ટર્ડ નર્સ અને રજીસ્ટર્ડ મીડવાઇફ તરીકેનું ગુજરાત નર્સીંગ કાઉન્સીલનું રજીસ્ટ્રેશન તેમજ સમયાંતરે કરાવેલ રીન્યુઅલની નકલ.

(v) બી.એસસી. નર્સિંગ અથવા પી.બી.બી.એસસી. નર્સિંગના કિસ્સામાં યુનિવર્સિટી ડિગ્રી પ્રમાણપત્ર;

(vi) રાજ્ય સેવા હેઠળના કર્મચારી (સેવામાં ઉમેદવારો) આ અભ્યાસક્રમમાં જોડાવા ઇચ્છુક હોય અને તેઓની ફરજના સ્થળ સિવાય અન્ય કોઇ સંસ્થા ખાતે સદર કોર્ષમાં એડમિશન મેળવવા ઇચ્છતાં હોય તેવા કિસ્સામાં સંસ્થાના વડાનું " ના વાંધા પ્રમાણપત્ર" (NOC)

(vii) સક્ષમ સત્તાધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો (SEBC) ના ઉમેદવાર માટે જાતિ પ્રમાણપત્ર

(viii) સક્ષમ સત્તાધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ આર્થિક રીતે નબળા વર્ગ (EWS) પ્રમાણપત્ર

(ix) SEBC ઉમેદવારો માટે, સક્ષમ સત્તાધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ નોન- ક્રીમી લેયર(NCL) પ્રમાણપત્ર,

---

**Receipt:-**

| | |
|---|---|
| Name of Candidate:- | |
| Form Fees Received:- | |
| In Service Candidate:- (Yes/No) | |

Scanned with CamScanner

**અગત્યની જાહેરાત**
**(પ્રિન્સીપાલશ્રી સરકારી નર્સિંગ કોલેજ, ધારપુર-પાટણ ની કચેરી)**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યમાં નર્સિંગને લગતા ૦૮ રેસીડેન્સીયલ પોસ્ટ બેઝીક ડીપ્લોમાં કોર્ષ ચાલુ કરવા મંજુરી આપેલ છે. જે કોર્ષ પૈકી સરકારી નર્સિંગ કોલેજ, ધારપુર-પાટણ ખાતે Post Basic Diploma in Critical Care Nursing-20 બેઠકોની મંજુરી મળેલ છે. જે બેઠકો પર સરકારશ્રીના ઠરાવથી નિયત કરવામાં આવેલ ગાઈડલાઈન મુજબ એડમીશન પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. જે અંગેના એડમીશન ફોર્મ અને અન્ય વિગતો સંસ્થાની સંલગ્ન વેબસાઈટ https://gmersmchpatan.org/ પર ઉપલબ્ધ છે.

અરજી કરનાર ઉમેદવારે ઉપર દર્શાવેલ કોર્ષ મુજબ ફોર્મ અને ફી ભરવાની રહેશે. જેની છેલ્લી તા.૨૧/૧૧/૨૦૨૫ સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં અરજદારે રૂબરૂમાં સરકારી નર્સિંગ કોલેજ, ધારપુર-પાટણ ખાતે ફોર્મ અને ફી જમા કરાવવાની રહેશે.

પ્રિન્સીપાલ
સરકારી નર્સિંગ કોલેજ
ધારપુર-પાટણ

PRINCIPAL
COLLEGE OF NURSING
DHARPUR, PATAN

Scanned with CamScanner